## જન્મદિને વધામણી



ખુશાલભાઈ હમીરભાઈ રત્નોત્તર



કંચનબા આઈ જાડેજા
ઉપપ્રમુખ, શ્રી ગાંધીનગર
રાજપૂત મહિલા મંડળ



બેલાબેન શાહ
મહિલા પ્રતિનિધિ
શ્રી સમસ્ત ખડાયતા સમાજ



બી ડી શાહ
એડવોકેટ, ટ્રસ્ટી, સિનિયર
સિટિઝન્સ કાઉન્સીલ
મંત્રી, સમસ્ત વૈષ્ણવ વણિક
પરિવાર અને ગુજરાત
વિધાનસભા પેન્શનર સમાજ

# રાજયકક્ષાની શાળાકીય કબડ્ડી સ્પર્ધામાં સે. ૩૦ની પ્રતાપસિંહજી વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૭

રાજ્યકક્ષાની શાળાકીય કબડ્ડી ટુર્નામેન્ટ તાપી, સોનગઢ ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગરની શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં વિદ્યાલયની ટીમ ગાંધીનગર જિલ્લા વતી રાજુ જાટની કૅપ્ટનસી હેઠળ સામેલ થઈ હતી. રાજ્યભરમાંથી આવેલી કુલ ૬૮ ટીમ આ વિભાગ અંતર્ગત સ્પર્ધામાં હતી જે પૈકી પ્રતાપસિંહજી વિદ્યાલયની ટીમે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ વિજેતા ટીમમાં કનોજીયા દિપક, જય પ્રકાશ રઘુવીરસિંહ ઓમ કુમાર અભિષેક રાવત ઋષિકેશ શર્મા સોનુ કૈલાસચંદ્ર અજયકુમાર અજમેરસિંહ સામેલ હતા, જેમને વિદ્યાલયનાં ટ્રસ્ટી અર્જુનસિંહ તથા શોભનાબા વાઘેલા અને પ્રિન્સિપાલ યુવરાજસિંહએ શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન આપ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને કોચ ડિમ્પલ શમશેરસિંહ રાજપૂત દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

# ભારત વિકાસ પરિષદ દ્વારા વનવાસી વિસ્તારોમાં સેવાપ્રવાસ



ગાંધીનગર, તા. ૬

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં વનવાસી વિસ્તારમાં સેવાપ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પરિષદના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેડબ્રહ્માથી ૬ કિમી દૂર સ્થિત સણાલી તેમજ દાનપુરામાં કાર્યરત સર્વોદય આશ્રમના વ્યવસ્થાપક નટુભાઈ ડાભી દ્વારા આસપાસનાં ગામોના અત્યંત ગરીબ તેમજ જરૂરિયાતમંદ લોકોનાં પરિવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદી મુજબના પરિવારોને પરિષદ દ્વારા અનાજની કિટ અર્પણ કરવામાં આવી હતી. કિટમાં ૪ કિગ્રા ચોખા, ૧ કિગ્રા મગદાળ હતી.

૧૦૦ પરિવારોને આ અનાજ કિટનું વિતરણ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું.

પરિષદના સભ્યોએ આ સેવાકાર્ય દરમ્યાન એ વાતનો અહેસાસ કર્યો કે દારૂણ ગરીબી હજુ રાજ્યમાં અસ્તિત્વ ધરાવે છે અને મોટી સંખ્યામાં લોકો એનો ભોગ બની રહ્યા છે. આ કારણે પરિષદના સભ્યોએ દિવાળી પછી પુનઃ આ વિસ્તારોમાં જઈ કપડાં, વાસણો વગેરે જરૂરિયાતમંદોને આપવાનો નિર્ણય કર્યો હતો. આ સેવાકાર્ય માટે જે કોઈ નગરજન સહયોગ આપવા ઈચ્છતા હોય તેઓને પરિષદના સભ્ય ચંદ્રકાન્ત રાવલ (૯૮૨૫૦ ૧૩૭૭૫), મુકેશભાઈ રાવલ (૯૪૨૭૩ ૦૭૭૫૩) અથવા પ્રવીણભાઈ વઘાસિયા (૯૯૭૮૪ ૦૫૫૯૫)નો સંપર્ક કરવા પરિષદની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે યુથ ઍમ્પાવરમૅન્ટ વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે યુથ ઍમ્પાવરમૅન્ટ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટીવાયબીકૉમના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

વીપીઍમપી સૅમિનાર હૉલ ખાતે સવારે ૮.૩૦થી સાંજે ૫.૩૦ દરમ્યાન આયોજિત આ વર્કશૉપમાં નિષ્ણાત તરીકે અમદાવાદ મૅનૅજમૅન્ટ ઍસોસિએશનના કૉર્પોરેટ ટ્રેઈનર પરેશ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે હકારાત્મક વ્યક્તિત્વનાં વિવિધ પાસાં - સૅલ્ફ અવેરનૅસ, લાઈફ વિઝન ઍન્ડ ગોલ્સ, પાવર ઑફ સૅલ્ફ ડિફેન્સ, ઈન્ટર પર્નસલ સ્કીલ્સ, ટાઈમ મૅનેજમૅન્ટ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.

ટીવાયબીકૉમના ૬૩ વિદ્યાર્થીઓ આ વર્કશૉપમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના અધ્યાપક પ્રા. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં ત્રણ વિદ્યાર્થીઓ પ્રિ આરડીસી માટે પસંદ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુજરાત રાજ્ય ઍનઍસઍસ વિભાગ દ્વારા પ્રિ આરડીસી (રિપબ્લિક ડે કૅમ્પ) માટે સ્વયંસેવકોની પસંદગી કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫૦ જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

આ પૈકી ૨૪ છોકરીઓ અને ૨૪ છોકરાઓ મળી કુલ ૪૮ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં ૪ વિદ્યાર્થીઓ પણ સામેલ હતાં. કૉલેજનાં વિદ્યાર્થી અંજલી પટેલ, કાજલ વૈષ્ણવ, જયવીરસિંહ વાઘેલા અને ઍલડીઆરપી કૉલેજના આનંદ પટેલ આ કૅમ્પ માટે પસંદગી પામ્યા હતા જે આગામી તા. ૯થી ૧૯ દરમ્યાન નાગપુર ખાતે આયોજિત કૅમ્પમાં ભાગ લેશે. આ તમામ વિદ્યાર્થીઓને ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞાનબેન ઓઝાએ પ્રોગ્રામ ઑફિસર અને તમામ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવ્યાં હતાં.

# ઈ-લૉ લાયબ્રેરી તાલુકાઓ સુધી પહોંચાડવાનો આરંભ ૧૦ ઑક્ટોબરથી

ગાંધીનગર, તા. ૬

ગુજરાત લૉ હૅરાલ્ડ ઈલેક્ટ્રૉનિક્સ લૉ લાયબ્રેરી રાજ્યના તાલુકાઓ સુધી પહોંચાડવાનો આરંભ આગામી તા. ૧૦ ઑક્ટોબરથી કરવામાં આવશે.

બાર કાઉન્સીલ ઑફ ગુજરાતના ચૅરમૅન ગોપીનાથ ઍમ અમીન દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે બાર કાઉન્સીલ ઑફ ગુજરાત અને રિજૅન્ટ કૉમ્પ્યુટ્રૉનિક્સ પ્રા. લિ. દ્વારા 'ગુજરાત લૉ હૅરાલ્ડ ઈલેક્ટ્રૉનિક લૉ લાયબ્રેરી - ધ લૉઝ' તૈયાર કરવામાં આવી છે. આ ઈ લાયબ્રેરીને રાજ્યનાં તાલુકા બાર ઍસોસિએશન્સ સુધી પહોંચાડવાનો આરંભ તા. ૧૦ ઑક્ટોબરથી કરવામાં આવશે. આ શુભારંભ માટે એક ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન ગુજરાત યુનિવર્સિટી સૅનેટ હૉલ ખાતે કરવામાં આવ્યું છે, જેના પ્રમુખ તરીકે ગુજરાત હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ જયંત પટેલ, મુખ્ય મહેમાન તરીકે રાજ્યના કાયદા પ્રધાન પ્રદીપસિંહ જાડેજા અને અતિથિ વિશેષ તરીકે રાજ્યના ઍડવોકેટ જનરલ કમલ બી ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

# રૂપાલનો પલ્લીમેળો ૨૧ ઑક્ટોબરે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતભરનો સુપ્રસિધ્ધ શ્રી વરદાયની માતાજીનો પલ્લીમેળો આ વખતે તા. ૨૧ ઑક્ટોબર ને બુધવારના રોજ ભરાશે.

રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા આ અંગેની જાહેરાત કરતાં જણાવવામાં આવ્યું છે કે આ પલ્લીમેળામાં આવવા માટે કલોલ, ગાંધીનગર, માણસા તેમજ અમદાવાદના ઍસટી ડૅપોથી બસની સગવડતા મળશે તેમજ આ પલ્લીમેળામાં દુકાનો કરવા માટે પ્લૉટ્સનું વેચાણ તા. ૧૪ ઑક્ટોબર ને બુધવારે સવારે ૧૧ કલાકે કરવામાં આવશે.

# સાહિત્ય રત્ન ઍવોર્ડ વિજેતા નગરના સાહિત્યકાર પ્રવીણ ગઢવીને સાહિત્ય સભાના અભિનંદન



ગાંધીનગર, તા. ૬

સાહિત્ય રત્ન ઍવોર્ડ પ્રાપ્ત કરનારા ગાંધીનગરના સાહિત્યકાર પ્રવીણ ગઢવીને ગાંધીનગર સાહિત્ય સભા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીને તાજેતરમાં તેમની અનન્ય સાહિત્ય સેવા બદલ સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન અને કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક ટ્રસ્ટ, વડોદરાના ઉપક્રમે અમદાવાદ ખાતે આયોજિત એક સમારોહમાં સાહિત્યરત્ન સુવર્ણચંદ્ર ઍનાયત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય એવા પ્રવીણ ગઢવીને આ ઍવોર્ડ બદલ સભાના ભરત કવિ, નટવર હેડાઉ, સુરેશચંદ્ર ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, રમણભાઈ શ્રીમાળી, હરેશ ભટ્ટ, મહેન્દ્ર રાઠોડ તથા તમામ કારોબારી સમિતિ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫, ૪.૨૦, ૭.૨૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫

**સ્ક્રીન-૪**
સિંઘ ઈઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ધ માર્ટીયન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (૩ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

# પ્રાથમિક શિક્ષણ : મહત્ત્વાકાંક્ષાઓનો બોજો

કેમ્પસ
દ્વનિલ પારેખ





'ભાર વિનાનું ભણતર' એવું આપણે ભણતા હતા ત્યારનું સાંભળતા આવ્યા છીએ પણ એનો અનુભવ ક્યારેય આપણને નથી થયો કે આપણા વડીલોને પણ નથી થયો. જો આપણને એ અનુભવ ન થયો હોય તો આપણાં સંતાનોને એ અનુભવ થાય એવું વિચારવું પણ જરા વધુ પડતું ગણાય. કારણ કે જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ ભણતર 'બોજારૂપ' બનતું જાય છે. આ બોજારૂપ બધા જ અર્થમાં છે.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકને જુઓ તો આ વાતનો વધારે ખ્યાલ આવે.

હમણાં સીબીઍસસીએ એક આવકારદાયક નિર્ણય કર્યો છે. પ્રાથમિક શાળાનાં એકથી બે ધોરણનાં બાળકોએ દફતર વગર શાળાએ જવાનું રહેશે. આ નિર્ણય જરૂરી હતો. પ્રાથમિક શાળામાં ભણતા બાળકની અવસ્થા શારીરિક ઘડતરની અવસ્થા હોય છે. આવી અવસ્થામાં એ ઘઉં કે ચોખાની ગુણ ઉપાડતો હોય એટલા વજનનું દફ્તર ઉઠાવીને જાય ત્યાંથી જે નો ભણતર પ્રત્યેનો અણગમો શરૂ થાય છે. અનેક પ્રકારના વિષયોની નોટબૂક્સ, પુસ્તકો, કંપાસ, લંચ બૉક્સ, વૉટર બેગ - આ બધું ઉપાડીને એ જતો હોય છે ત્યારે મજૂરીએ જતો હોય એવું લાગે છે. શાળાના શિક્ષકો પણ બધું જ એક જ દિવસમાં ભણાવી દેવાના હોય એમ બધાં જ પુસ્તકો એકસાથે લાવવાનો આગ્રહ રાખે છે એ પણ યોગ્ય નથી. વળી, જે પ્રકારનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવે છે એ માટે બાળકની માનસિક અવસ્થાનો કોઈ ખ્યાલ રાખવામાં આવતો નથી. રાતોરાત બાળકને ડૉક્ટર, ઍન્જિનીયર બનાવી દેવાના આ બધા ધખારા છે. જે અભ્યાસક્રમ દાખલ કરવામાં આવે છે એ સમજી શકવાની, ગ્રહણ કરી શકવાની ક્ષમતા જે તે ધોરણના બાળકની છે કે કેમ? હવે, બધું જ પરીક્ષાલક્ષી થઈ ગયું છે એટલે શાળામાં કે ઘરમાં બાળક અભ્યાસક્રમને લઈને પિસાતું હોય છે. એ પરામે બધું સમજતો, ગોખતો રહેતો હોય છે. શાળા સંચાલકો પણ હવે એવા કાબેલ થઈ ગયા છે કે પરીક્ષા તહેવારની આસપાસ જ ગોઠવે એટલે તહેવારોનો આનંદ લેવાની ઉંમરે બાળક પાઠ્યપુસ્તકોના ઘડિયા ગોખતો હોય છે.

વાત ભાર વિનાના ભણતરની હતી. સીબીઍસસીએ જે નિર્ણય કર્યો છે એ એકથી બે ધોરણનાં બાળકો માટે છે પણ આ નિર્ણય પ્રાથમિક શાળાનાં બધાં બાળકો માટે કમ-સે-કમ ૧થી ૫ ધોરણનાં બાળકો સુધી તો લાગુ કરવો જ જોઈએ. ભાર ઉપાડીને શાળાએ જવાનું હોય અને ભાર ઉપાડીને શાળાએથી આવવાનું હોય ત્યારે બાળકને શિક્ષણ 'બોજારૂપ' જ લાગે એમાં આશ્ચર્ય કે આઘાત પામવા જેવું કશું નથી. કારણ કે એ સ્થિતિનું નિર્માણ આપણી શિક્ષણવ્યવસ્થાએ કર્યું છે અને એ માટે આપણે સૌ જવાબદાર છીએ. બાળક જે ગુણ જેવું દફ્તર ઉપાડીને જાય છે એમાં પુસ્તકો ઉપરાંત વાલીઓ અને શિક્ષકોની મોટી મહત્ત્વાકાંક્ષાઓ પણ ઉપાડીને જાય છે. પુસ્તકોનો બોજ તો એ સહન કરી શકે છે પણ આ મહત્ત્વાકાંક્ષાઓના બોજથી તો એને કોણ ઉગારી શકે?

પ્રાથમિક શિક્ષણની વાત નીકળી છે તો બીજા એક મુદ્દાને પણ સ્પર્શવો છે. ગત દિવસોમાં અનામત આંદોલનની હોળીમાં આખું ગુજરાત સળગ્યું હતું અને હજી કેટલા ભડકા થશે એની ખબર નથી. પણ આસપાસ જે કંઈ પણ ચાલી રહ્યું છે એની પ્રાથમિક શાળાના બ ાળક પર કેવી અસર થાય છે એનો એક કિસ્સો હમણાં પ્રકાશમાં આવ્યો છે. વિસનગરની એક શાળાના સાતમા ધોરણના વિદ્યાર્થીએ પરીક્ષાની ઉત્તરવહીમાં 'જય પાટીદાર, જય સરદાર' લખ્યું. સાતમા ધોરણનો વિદ્યાર્થી કદાચ ખરેખર આંદોલન કયા મુદ્દે છે, ચાલે છે એ સમજતો પણ ન હોય છતાં રોજ એ જે જુએ છે, સાંભળે છે એનું એ આંધળું અનુકરણ કરે છે. આમ, આંધળું અનુકરણ કરવાને કારણે એક જુદો જ સંદેશ એના મનમાં ઘર કરી જાય છે અને એ પણ એક જુદી મહત્ત્વાકાંક્ષાનો ભોગ બને છે. કમ-સે-કમ પ્રાથમિક શિક્ષણને મહત્ત્વાકાંક્ષાઓથી દૂર રાખીએ.

# બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ૧૫ ઑક્ટોબરે પરંપરાગત ગરબા સ્પર્ધા

## નગરનાં બહેનોને પધારવા નિમંત્રણ

ગાંધીનગર, તા. ૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પરંપરાગત ગરબા સ્પર્ધા તા. ૧૫ ઑક્ટોબર ને ગુરુવારે યોજવામાં આવી છે.

પાંખનાં મહામંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાયે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે બપોરે બેથી પાંચ દરમ્યાન આ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં નગરનાં સર્વ બહેનોને પધારવા માટે પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ દ્વારા સમસ્ત મહિલા પાંખ વતી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની વધુ વિગતો માટે અંજનાબેન ગોર (મો. ૯૪૨૮૬ ૧૪૪૮૨), વિમળાબેન અચાર્યી (૯૯૨૪૩ ૨૩૭૦૪) અથવા ભારતીબેન જોષી (ફોન : ૨૩૨૨૭૩૨૭)નો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

# યુનિ.ની સૅમેસ્ટર પાંચની પરીક્ષા હવે ૩૦મી નવેમ્બરે યોજાશે

## પરીક્ષા ૨૬ ઑક્ટોબરના રોજ યોજાવાની હતી વિદ્યાર્થીઓના હિતમાં હવે નવેમ્બરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત યુનિવર્સિટીમાં સૅમેસ્ટર-પની પરીક્ષા જે અગાઉ તારીખ ૨૬ ઑક્ટોબરના રોજ લેવાનું નિયત થયું હતું તે હવે આગામી તા. ૩૦ નવેમ્બરના રોજ લેવામાં આવશે.

યુનિવર્સિટીના સૅનેટ સભ્ય પ્રવીણ નકુમે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સૅમેસ્ટર પાંચમાં સમાવિષ્ટ બીસીએ, બીકૉમ, બીએ, બીબીએ, બીઍસસીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલ પરીક્ષા ચાલુ હોવાથી તા. ૨૬ના રોજ આયોજિત પરીક્ષામાં ઘણી તકલીફ પડી શકે છે. વળી, સૅમેસ્ટર પાંચ એ વિદ્યાર્થીઓ માટે ઘણું મહત્ત્વનું હોય છે, એ મતલબનું આવેદનપત્ર ઍનઍસયુઆઈ દ્વારા વાઈસ ચાન્સેલરને આપવામાં આવ્યું હતું.

જેના પ્રત્યુત્તરમાં વાઈસ ચાન્સેલર ઍમ ઍન પટેલ દ્વારા સૅમેસ્ટર પાંચની આ પરીક્ષા જે અગાઉ તા. ૨૬ ઑક્ટોબરના રોજ લેવાનું નિયત થયું હતું તે તા. ૩૦ નવેમ્બરના રોજ લેવામાં આવશે એવો નિર્ણય જાહેર કર્યો હતો.